હડકાયા શ્વાને આંતક મચાવ્યો, અનેકને બચકાં ભરી ઘાયલ કર્યાં

અમરેલી:

અમરેલી શહેરના ચિતલ રોડની સોસાયટીમાં એકાદ અઠવાડિયા પહેલાં એક હડકાયા શ્વાને ભયનું વાતાવરણ ઉભું કરતાં ત્રણેક દિવસમાં અનેક લોકો હડકાયુ બનેલું શ્વાને બચકાં ભરી ઘાયલ કર્યા બાદ આ શ્વાનનું મોત નીપજ્યાંનું હતું. ત્યારે ગઈકાલે શહેરનાં શાક માર્કેટ તથા નાગનાથ આસપાસ ફરી એક હડકાયા શ્વાને આંતક મચાવ્યો હતો.

જાણવાં મળતી વિગત મુજબ અમરેલી શહેરના શહેરનાં શાક માર્કેટ, સરકાર વાડા તથા નાગનાથ આસપાસ આજે ફરી એક હડકાયા શ્વાને પસાર થતાં રાહદારીઓ ઉપર હુમલા કરી બચકાં ભરી લીધાનું લોકોમાંથી જાણવાં મળેલ છે. આ હડકાયા બનેલાં શ્વાને શહેરભરમાં ભયનું વાતાવરણ ઉભું કરી દઈ એક જ દિવસમાં અનેક લોકોને કરડી ગયાનું જાણવા મળેલ છે. ત્યારે આ શ્વાનના હુમલાના ભોગ બનેલાં લોકોને સરકારી તથા ખાનગી દવાખાને સારવાર લીધાનું જાણવાં મળેલ છે.

અમરેલી શહેરની મધ્યમાં આવેલ વિસ્તારની આજુબાજુના વિસ્તારમાં સ્કૂલ, અનેક ધાર્મિક મંદિર હોવાના કારણે અનેક લોકો વસવાટ કરતાં હોય ત્યારે છેલ્લા આ વિસ્તારમાં એક હડકાયા બનેલાં શ્વાને ભયનું વાતાવરણ ઉભું કરી દઈ એક જ દિવસમાં અનેક લોકોને કરડી ગયાનું જાણવા મળેલ છે. ત્યારે આ શ્વાનના હુમલાના ભોગ બનેલાં લોકોને સરકારી તથા ખાનગી દવાખાને સારવાર લીધાનું જાણવાં મળેલ છે.

દીપડો કોઈ ઉપર હુમલો કરે તે પહેલાં જ પીંજરે પુરાઈ જતાં હાશકારો

અમરેલી:

અમરેલી જિલ્લાનાં ગીરકાંઠાના ખાંભા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સિંહ અને દીપડાના આંટાફેરા હવે સામાન્ય વાત છે. છાશવારે આ પંથકમાં આવા રાની પશુઓ માનવ વસ્તીવાળા ગામમાં ઘુસી આવતાં હોય ત્યારે ગઈકાલે મોડી રાત્રીનાં સમયે ખાંભા તાલુકાના નાની ધારી ગામે એક રહેણાંક મકાનમાં આવેલ રૂમમાં ખૂંખાર દીપડો ઘુસી ગયો હતો. પરંતુ ઘરધણીની સજાગતાના કારણે રૂમનો દરવાજો બહારથી બંધ કરી દઈ અને વનવિભાગને જાણ કરવામાં આવતાં કડકડતી





ઠંડીમાં વન વિભાગ દ્વારા દીપડાને ટ્રાન્કયુંલાઈઝ કરી આંબરડી એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવેલ હતો. આ બનાવમાં ખાંભા આર.એફ.ઓ.ના જણાવ્યાં અનુસાર ખાંભા તાલુકાના નાની ધારી ગામે રહેતા પ્રતાપ ભાઈ માંજરિયા મકાનમાં ગઈકાલે મોડી રાત્રીનાં સમયે ડેલીના રસ્તેથી ખૂંખાર દીપડો ઘરમાં ઘુસી ગયો હતો. ત્યારે દીપડો રૂમમાં પ્રવેશતાં ઘરધણી દીપડાને જોઈ જતાં અને ઘરધણીની સજાગતાના કારણે દીપડો જે રૂમમાં ઘૂસ્યો હતો તે રૂમનો દરવાજો બહારથી બંધ કરી દઈ અને વનવિભાગને જાણ કરવામાં આવતાં કડકડતી ઠંડીમાં પણ વન વિભાગ દ્વારા દીપડાને ટ્રાન્કયુંલાઈઝ કરી આંબરડી એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવેલ હતો. આ બનાવમાં દીપડો કોઈ ઉપર હુમલો કરે તે પહેલાં જ પીંજરે પુરાઈ જતાં લોકોએ પણ હાશકારો અનુભવ્યો હતો.

ગીરકાંઠાના વિસ્તારમાં આવા બનાવો સામાન્ય રીતે બનતાં હોય ત્યારે વન વિભાગ દ્વારા વન્ય પ્રાણીઓ અને લોકો વચ્ચે ઘર્ષણ ના થાય તે માટે ગીરકાંઠાના વિસ્તારમાં ખાસ શિબિરો કરી જાગૃતતા ફેલાવવા માટેની કામગીરી ચલાવી રહયાં છે.

"સલામત સવારી એસ.ટી. અમારી" કહેવત સાર્થક તો કરો

કુંકાવાવનાં મુસાફરોને એસ.ટી. બસમાં ટિકિટ મશીન ખરાબ થતા પરેશાની

અમરેલી:અમરેલી એસ.ટી. ડીવીઝનના બસના કંડકટરોને આપવામાં આવતા ટીકીટ મશીન જુનવાણી હોય જેથી રસ્તામાં અનેકવાર મશીન બગડવાના બનાવો બની રભ છે. ત્યારે બગસરા ડેપોમાં બસના કંડકટરોને આપવામાં આવતા ટીકીટ મશીન પણ જુનવાણી હોય જેથી અઠવાડીયામાં ત્રણવાર મશીન બગડવાના બનાવો બની રભ છે. જેનો અનુભવ તાજેતરમાં કુંકાવાવના મુસાફરોને થતાં ભારે મુશ્કેલી વેઠવી પડી હતી.

જેમાં તા.૧૬ ના રોજ બગસરાથી રાજકોટ જતી સવારની બસ પહેલી બસ હોય જેથી તેમાં ટ્રાફિક પ્રમાણમાં વધારે રહેતો હોય ત્યારે કુંકાવાવ બસ સ્ટેન્ડથી ટીકીટ અપાયાબાદ ટીકીટ માટેનું મશીન ખરાબ થય જતા છેક ગોંડલ સુધી આ બસના પેસેજન્ર લેવામાં આવ્યા નહી.

આ ટીકીટ મશીનના કારણે બસને ગોંડલ બસ સ્ટેન્ડ ખાતે રોકી દેવી પડી હતી. જયારે પાછળની બસમાં બગસરા બસ સ્ટેન્ડથી બીજુ મશીન આવ્યા બાદ આ બસ આગળ ચાલી હતી. આમ આ બસ રાજકોટ જવા માટે ઉપડેલી બસ હોય અને સમયસર રાજકોટ પહોંચવા માટે આવા મશીન બંધ થવાના કારણે મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

ત્યારે આ બાબતે પેસેન્જરો જણાવી રભ છે કે અઠવાડીયામાં બેની ત્રણવાર આવા મશીન બંધ થવાના બનાવો બને છે. તો હાલના આધુનિક યુગમાં એક મશીન બંધ થવાના કારણે આખી બસને મુશ્કેલીનો સામનો કરવો પડી રભે છે. ત્યારે અમરેલી ડીવીઝન દ્વારા તાત્કાલીક નવા મશીન ફાળવા અથવા વૈકલ્પિક વ્યવસ્થા કરી મુસાફેરી માંગ કરી રભ છે.

ધોરાજીના અપહરણના ગુનામાં સંડોવાયેલ આરોપીઓને અમરેલી પોલીસે ઝડપી લીધાં

અમરેલી: રાજકોટના ધોરાજી સીટીના અપહરણના ગુનામાં સંડોવાયેલ આરોપીઓને ગણતરીની કલાકોમાં અમરેલી સીટી પોલીસ સ્ટેશન તથા અમરેલી એલ.સી.બી. ટીમ દ્વારા પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ બનાવમાં અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા અમરેલી જીલ?લા તેમજ જિલ્લા બહાર ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે થઈને અમરેલી જિલ્લા વિસ્તારમાં રહેતા ઈસમોને પકડી પાડવા અમરેલી જિલ?લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય જે અન?વયે અમરેલી સીટી પોલીસ સ્ટેશનની ટીમ તથા અમરેલી એલ.સી.બી. ટીમને બાતમી મળેલ કે, ધોરાજી ખાાતેથી વિમલભાઈ મોહનભાઈ હરીયાણી નામની વ્યકિતનું ગત ગઈ તા.૧૮ નાં રોજ અપહરણ થયેલ હોય જે અંગે જેતપુર ગામે રહેતાં કૃપાલીબેન ઉર્ફે કૃપા ભાવીનભાઈ ચીતારાએ ધોરાજી સીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવેલ હતી.

આ બનાવમાં અમરેલીના ગંગાનગર, શેરી નં.૨ માં રહેતાં ગોપાલ વિઠ્ઠલભાઈ ડાંગર, તથા અમરેલીના ચક્કરગઢ રોડ ઉપર આવેલ ઉત્સવ ફ્લેટમાં રહેતાં પ્રદ્યુમનસિંહ ભરતસિંહ વાળા તથા ભાવનગર જિલ્લાનાં ખડસલીયા તેમજ કચ્છ જિલ્લાના માધાપર, ગોકુળધામ સોસાયટીમાં રહેતાં ઋષિરાજસિંહ ચંદ્રસિંહ વાળા નામનાં સંડોવાયેલ આરોપીઓ અમરેલી ખાતે આવેલ હોવાની બાતમી મળતાં તેના આધારે તપાસ શરૂ કરતાં તે દરમિયાન ભોગબનાર વિમલભાઈ મોહનભાઈ હરીયાણીને શોધી કાઢી, સંડોવાયેલ ચારેય આરોપીઓને પકડી પાડી ધોરાજી સીટી પોલીસ સ્ટેશન હવાલે કરવા તજવીજ કરવામાં આવેલ છે.

બનાવટી ઘી,માખણ,પનીર, દૂધ સહિતમાં વ્યાપક ભેળસેળ અટકાવવા ખાદ્યપદાર્થોનું સતત ચેકિંગ જરૂરી

ફૂડ વિભાગમાં જરૂરી કર્મચારીઓનો અભાવ હોવાથી સતત ચેકિંગ પ્રક્રિયા થતી નથી

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી જિલ્લામાં બનાવટી ઘી, માખણ, પનીર, દૂધ અને દૂધનો માવો સહિતની બજારમાં વેચાતી ખાદ્ય સામગ્રીનું સતત ચેકિંગ કરવું પડે તેવી ગંભીર સ્થિતિ જોવા મળી રહી છે અને જનઆરોગ્ય ઉપર ગંભીર ખતરો ઉભો થતો હોય ફૂડ વિભાગ કર્મચારીઓનાં અભાવે કાર્ય કરી શકતો નથી તે પણ હકીકત છે.

જનતાને શુધ્ધ હવા, પાણીની જેમ જ શુધ્ધ ખાદ્ય સામગ્રી મળી રહે તે માટે જરૂરી વ્યવસ્થા સરકાર તરફથી થવી જોઈએ અને ખાદ્ય સામગ્રીની ચકાસણીની જવાબદારી ફૂડ વિભાગની હોય છે અને આજે જિલ્લામાં ખાદ્ય સામગ્રીનું વેચાણ કરતી દુકાનો, રેંકડિઓની સંખ્યા હજારોની હોય અને ફૂડ વિભાગમાં ગણ્યા ગાંઠ્યા કર્મચારીઓ હોય તેઓ કયાં ચેકિંગ કરે અને કયાં ન કરે.

જિલ્લામાં પાણીપુરી, દાબેલીથી લઈને પંજાબી, ચાઈનીશ ખાદ્ય સામગ્રીનું વેચાણ થાય છે. તોશાક, પુરીથી લઈને મીઠાઈનું પણ વ્યાપક પ્રમાણમાં વેચાણ થઈ રહ્યું છે. જનતા જનાર્દન રામભરોસે ખાદ્ય સામગ્રી પેટમાં પધરાવી રહી છે અને આરોગ્ય બગડે તો દવાખાનાનાં ધકકા ખાઈ રહી છે.

જિલ્લામાં ગાયનું શુધ્ધ દૂધ, ઘી મેળવવું મુશ્કેલ છે. નામી કંપનીઓથી લઈને અનામી રીતે વેચાણ થતાં ઘીની ગુણવત્તા હલ્કી કક્ષાની જોવા મળી રહી છે. જે રીતે ઘી, પનીર કે દૂધના માવાની કિંમત છે તે જોતા તેની શુધ્ધતા કેટલી છે તેનો અંદાજ આવી શકે તેમ છે.

આજની યુવા પેઢીમાં પનીરની અવનવી વાનગી હોટ ફેવરીટ બની છે અને પનીરનું વેચાણ પણ સતત વધી રહ્યું છે અને કોરોના કાળમાં જાગૃતિ ઉભી થયા બાદ પૂનઃ સૌ કોઈ પેટમાં અવનવી ખાદ્ય સામગ્રી બજારમાંથી ખરીદીને આરોગી રહ્યા હોય ફૂડ વિભાગની દરેક તાલુકા મથકોએ કચેરી શરૂ કરવી જોઈએ અને જરૂરી તમામ કર્મચારીઓની ભરતી કરીને સતત બજારૂ ખાદ્ય સામગ્રીની ગુણવત્તા ચકાસવી જરૂરી બની છે.

નાના આંકડીયાની છાત્રાઓ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં તાલુકા, જિલ્લા બાદ હવે ઝોન કક્ષાએ પણ પ્રથમ

લાઠી:જીસીઈઆરટી ગાંધીનગર પ્રેરિત તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી દ્વારા સંચાલિત બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન વર્ષમાં શ્રી એચ. આર. ગારડી હાઈસ્કૂલ, નાના આંકડીયાની પ્રતિભાશાળી વિદ્યાર્થીનીઓ સરપદડીયા ધ્રુવી નિરંજનભાઈ અને સાણંદીયા ક્રિયા પ્રવિણભાઈએ પોતાની વૈજ્ઞાનિક સૂઝબૂઝ, સર્જનાત્મકતા અને મહેનતના બળે અને માર્ગદર્શક શિક્ષક દિપાલીબેન રાવલના માર્ગદર્શન હેઠળ ઝળહરતી સિદ્ધિ મેળવી છે.

આ બન્ને છાત્રાઓએ અગાઉ તાલુકા કક્ષાએ - અમરેલી ખાતે પ્રથમ સ્થાન, જિલ્લા કક્ષાએ - લીલીયા ખાતે પ્રથમ સ્થાન મેળવ્યું હતું અને હવે ઝોન કક્ષાએ પોરબંદર ખાતે (પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ, જામનગર, દેવભૂમિ દ્વારકા અને અમરેલી સહીત ૬ જિલ્લાઓ વચ્ચે) વિભાગ - ૨માં પ્રથમ સ્થાન મેળવી આદર્શ સંસ્કાર કેળવણી મંડળ - નાના આંકડીયા સંચાલિત એચ. આર. ગારડી હાઈસ્કૂલ માધ્યમિક શાળા સાથે-સાથે નાના આંકડીયા ગામનું નામ રાજ્યભરમાં ઉજળું કર્યું છે. આ ગૌરવસભર સિધ્ધિ બદલ સંચાલક મંડળ, શાળા પરિવાર અને સમસ્ત ગ્રામજનો તરફથી બંને દીકરીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આગામી ફેબ્રુઆરી માસમાં યોજાનાર રાજ્ય કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન - આણંદ મુકામે પણ તે ભાગ લેશે.

રાજુલામાં ૫૦ ટકા વીસીઈ ૩ વર્ષથી પગાર વિહોણા!

વીસીઈ મંડળે ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારી

રાજુલા:રાજુલા તાલુકામાં ગ્રામ્ય કક્ષાએ ખેડૂતોને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે વીસીઈ રાત-દિવસ સતત કામગીરી કરતા રહે છે. પરંતુ રાજુલા તાલુકામાં ૫૦ ટકા વીસીઈને ત્રણ વર્ષથી મહેનતાણું જ અપાયું નથી. જેના કારણે વીસીઈની મુશ્કેલીમાં વધારો થયો છે. મહેનતાણું ન મળતા પરિવારનું ગુજરાન ચલાવવું પણ મુશ્કેલ બન્યું છે.ખેડૂતોના સાતબારની નકલ કાઢવી, અતિવૃષ્ટિમાં નુકશાનીના ફોર્મ ભરવા, ગામનો સર્વે રિપોર્ટ, સહિતની કામગીરી વીસીઈ પાસે કરાવવામાં આવે છે. સરકાર દ્વારા ૧૫૦૦ થી ૨૦૦૦ની મર્યાદામાં વીસીઈને માનદ વેતન ચુકવવામાં

આવે છે. વીસીઈને મહેનતાણું ચુકવવા માટે ૧૫ માં નાણાપંચની ગ્રાન્ટમાંથી બજેટ ફાળવવામાં આવે છે. રાજુલામાં ૧૫માં નાણાપંચે પણ નિયમિત નાણાં ફાળવી દીધા છે. પરંતુ રાજુલા પંથકમાં ૫૭માંથી ૨૫ વીસીઈને છેલ્લા ત્રણ વર્ષથી મહેનતાણું જ આપવામાં આવ્યું નથી. તાલુકા કક્ષાએ મહેનતાણાંમ ન ચુકવાતા વીસીઈમાં રોષ ફેલાયો છે. વીસીઈ કોમ્પ્યુટર રાઈટર અને ૧૦ પાસ હોય છે.આમ છતાં આજદિન સુધી કયારે પગાર વધારો પણ થયો ન હોવાના વીસીઈએ આક્ષેપ કર્યા હતા. રોજના રૂપિયા ૧૦૦ પણ વેતન આપવામાં આવતું નથી. પરંતુ રાજુલામાં ૩ વર્ષ થયા છતાં હજી સુધી ૫૦ ટકા વીસીઈને તેમણે કરેલી કામગીરીનું મહેનતાણું પણ અપાયું નથી. ત્યારે પગાર વિહોણા વીસીઈ આજે તાલુકા વિકાસ અધિકારી કચેરી ખાતે દોડી આવ્યા હતા અને પોતાની વ્યસ્થા ઠાલવી હતી. તેમજ આગામી દિવસોમાં પગાર નહી ચુકવવામાં આવે તો વીસીઈ મંડળે આંદોલનની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

અમરેલીમાં સાવરકુંડલા રોડ પર યુવક પર છરી વડે હુમલો

અમરેલી:અમરેલીમાં સાવરકુંડલા રોડ પર આંગન હોટલ ખાતે ૨૧ વર્ષિય યુવક પર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. ઉપરાંત લાકડાના ધોકા વડે માર માર્યો હતો. આ અંગે અમરેલી તાલુકા પોલીસ મથકમાં બે શખ્સો સામે ગુનો નોંધાયો હતો. અમરેલીના મોટા ગોખરવાળામાં રહેતા વિજયભાઈ બાબુભાઈ સિદ્ધપરા(ઉ.વ.૨૧)એ મોટા ગોખરવાળાના ઘનશ્યામ જીણાભાઈ સાથળા અને મુન્ના જીણાભાઈ સાથળા સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તે સાવરકુંજલા રોડ પર આવેલી આંગન હોટલ ખાતે ચા પીવા ઉભા હતા. ત્યારે બંને અહીં ધસી આવ્યા

હતા અને અગાઉ થયેલી ફરિયાદ બાબતે અપશબ્દો આપી મારી નાખવાની ધમકી આપી હતી.આ ઉપરાંત મુન્ના સાથળાએ પડખામાંથી છરી કાઢી વિજયભાઈને મારી દિધી હતી. તેમજ ઘનશ્યામ સાથળાએ બાઈકમાંથી લાકડાનો ધોકો કાઢી માર માર્યો હતો.

એકલાના પ્રયાસથી હરિયાળું સ્વપ્ન : આંબા ગામના ખેડૂતની પ્રકૃતિપ્રેમી પહેલ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

આજે વૃક્ષો કપાઈ રહયાં છે. જેને લઈ ગ્લોબલ વોર્મિંગની પરિસ્થિતિ જોવા મળી રહી છે. પૃથ્વી ઉપર વાવાઝોડા, કમોસમી વરસાદ, ઋતુચક્રમાં અનેક ફેરફાર થાય છે. ત્યારે પર્યાવરણની જાળવણી માટે હવે વૃક્ષોનું મોટા પ્રમાણમાં વાવેતર કરી તેનું જતન કરવું જ રહયું. ત્યારે લીલીયા તાલુકાના આંબા ગામમાંથી એક એવી પ્રેરણાદાયી કહાની સામે આવી

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના આંબા ગામમાંથી એક એવી પ્રેરણાદાયી કહાની સામે આવી છે, જે પ્રકૃતિપ્રેમ, ધીરજ અને નિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ બની રહી છે. આંબા ગામના ખેડૂત જયસુખભાઈ માંડાણીએ પોતાના એકલાના પ્રયાસથી ગામને હરિયાળું બનાવવાની નેક અને ટેક લીધી છે. વર્ષ ૨૦૨૧થી તેમણે વૃક્ષારોપણનો જે સંકલ્પ કર્યો હતો, તેના પરિણામે આજે

હજારો વૃક્ષોથી તેમનાં સ્વપ્ના સાકાર થતો જોવા મળે છે.

લીલીયા તાલુકાના નાનકડા એવા આંબા ગામનાં જયસુખભાઈને બાળપણથી જ પ્રકૃતિ પ્રત્યે ખાસ લગાવ રહ્યો છે. ખેતકામ અને રોજિંદી જિંદગી વચ્ચે પણ તેમણે પર્યાવરણ માટે કંઈક કરવાનું મનમાં નક્કી કર્યું હતું. તેઓએ આંબા ગામથી આશરે બે કિલોમીટર દૂર આવેલી પોતાની જ વાડીથી લઈ અને ગામ સુધીના રસ્તાની બંને બાજુ, તેમજ તળાવના કાંઠે તેમણે નિયમિત રીતે વૃક્ષોનું વાવેતર શરૂ કર્યું હતું. તેમનો હેતુ માત્ર વૃક્ષ વાવવાનો નથી, પરંતુ વટ વૃક્ષો સહિતના ઘટાદાર વૃક્ષોથી એક સઘન વન ઉભું કરવાનો છે. જેથી આવનારી પેઢીઓને છાંયો, શુદ્ધ હવા અને હરિયાળું વાતાવરણ મળી રહે.

તેઓ આર્થિક પરિસ્થિતિ ખૂબ મજબૂત ના હોવા છતાં પણ જયસુખભાઈએ ક્યારેય હિમત હારી નથી. લોખંડના પિંજરા ખરીદવા શક્ય ના હોવાને કારણે તેમણે દેશી રીત અપનાવી હતી. વૃક્ષોની રક્ષા માટે કાંટાળી વાડ તૈયાર કરી અને પશુઓથી વૃક્ષોનો બચાવ કર્યો હતો. એટલું જ નહીં, પોતાની વાડીમાંથી નાની પાઈપ લાઈન ખેંચી હતી. અને તેમણે દરેક વૃક્ષ સુધી પાણી પહોંચાડવાની વ્યવસ્થા ઊભી કરી હતી. સમયાંતરે જાતે જ વૃક્ષોને પાણી આપીને તેઓ દરેક છોડનું જતન કરેલ છે.

તેઓ ખેતરનું કામ પૂર્ણ કર્યા બાદ તેઓ રોજનો સમય વૃક્ષારોપણ અને તેની દેખરેખ માટે ફાળવે છે.આજ સુધીમાં તેઓ ૧૫૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર અને જતન કરી વૃક્ષોનો ઉછેર કરી ચૂક્યા છે. પીપર, વડ તેમજ અન્ય સ્થાનિક અને ઉપયોગી જાતિના વૃક્ષો વાવી તેઓ પર્યાવરણને સંતુલિત રાખવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમની ઇચ્છા છે કે, આગામી સમયમાં તેઓ હજારોની સંખ્યામાં વૃક્ષો વાવી અને બે કિલોમીટર સુધીના સમગ્ર વિસ્તારને હરિયાળું બનાવવાની નેમ છે.

આ પહેલ માત્ર એક વ્યક્તિની મહેનત નથી, પરંતુ સમગ્ર ગામ માટે પ્રેરણાસ્રોત બની છે. રસ્તાની બન્ને બાજુ લહેરાતાં નાનાં-મોટાં વૃક્ષો, તળાવના પાળે ઊભું થતું હરિયાળું આવરણ અને પક્ષીઓની ચાહક સાથે આ વિસ્તાર હવે જીવંત બનતો થઈ રહ્યો છે. ગામ લોકો પણ આ કાર્યને વખાણી રહ્યા છે. અને ઘણા યુવાનોને પણ આ પ્રકૃતિ સેવામાં જોડાવાની પ્રેરણા મળી રહી છે.

આંબા ગામના ખેડૂત જયસુખભાઈ માંડાણી સાબિત કરી આપેલ છે કે, કોઈ પણ મોટા બદલાવ માટે મોટી મૂડીની જરૂરિયાત નહીં, પરંતુ મજબૂત ઇચ્છા શક્તિ અને સતત પ્રયાસ જરૂરી છે. જો દરેક વ્યક્તિ પણ આવી રીતે પોતાની આસપાસ થોડાં વૃક્ષો વાવવાની જવાબદારી સ્વીકારે, તો ગામથી લઈને રાજ્ય સુધીનો સમગ્ર વિસ્તાર હરિયાળું ભારત બનાવવાનું સ્વપ્ન ચોક્કસ સાકાર થઈ શકે તેમ છે.

રૂપિયા ૧૦,૦૦૦ના ઈનામી આરોપીને પંજાબ ખાતેથી પકડી પાડતી અમરેલી પોલીસ

અમરેલી: અમરેલીના રૂરલ પોલીસ સ્ટેશનના વિશ્વાસઘાતના ગુનામાં છેલ્લા ૧૧ વર્ષથી નાસતા ફરતા અને જેના ઉપર રૂપિયા ૧૦,૦૦૦ નું ઈનામ જાહેર થયેલ તેવા આરોપીને પંજાબ ખાતેથી પકડી પાડતી અમરેલી એલ.સી.બી. પોલીસ ટીમે પકડી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

આ બનાવમાં અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સને ૨૦૧૪ની સાલમાં પંજાબ રાજ્યનાં ગુરૂદાસ જિલ્લાનાં સંઘર ગામે રહેતાં આરોપી પંજાબસિંગ ઉર્ફે દીપુ સકાતરસિંગ જાટ નામના ઈસમ સામે ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબનો ગુન્હો નોંધાયો હતો. અને આ ગુનામાં છેલ?લા ૧૧ વર્ષથી આરોપી નાસતો ફરતો હોય, આ આરોપી અંગેની બાતમી આપનારને રૂપિયા ૧૦,૦૦૦ ના ઈનામ આપવાની પણ જાહેરાત કરવામાં આવી હતી.

ત્યારે ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા કરવામાં આવેલ ઠરાવ અન્વયે અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જિલ્લામાં અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ગુનાઓને અંજામ આપી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે અને ઘણા લાંબા સમયથી નાસતા ફરતા અને ગંભીર ગુનાઓમાં સંડોવાયેલ ટોપ–૧૦ નાસતા ફરતા આરોપીઓની યાદી તૈયાર કરવામાં આવેલ અને આ આરોપીને પકડી પાડવા આરોપી દીઠ રૂપિયા ૧૦,૦૦૦ ની ઈનામની જાહેરાત કરેલ હતી. અને આવા લીસ્ટેડ આરોપીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને સુચના આપેલ હતી.

ત્યારે અમરેલી એલ.સી.બી. ટીમે આ ઈનામી આરોપીને ટેક્નીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે શોધખોળ આદરી અને આ આરોપી પંજાબસિંગ ઉર્ફે દીપુ સકાતરસિંગ જાટને પંજાબ રાજયના ગુરદાસપુર જિલ્લાના ધારીવાલ તાલુકાના સંઘર ગામ ખાતેથી પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.